સંસારી સાવિત્રી

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિત વર્ધક"

નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલેકો.

આવૃતિ બીજી   પ્રત ત્રણ હજાર.

અમદાવાદ

સિવિલ હાસ્પિતાલ સામે પાનાભાઇની

વાડીના મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં

ઇશ્વરદાસ જેકણદાસે છાપ્યાં.

સંવત ૧૯૫૮   સને ૧૯૦૨.

કીંમત રૂ. ૦—૨—૦

સંસારી સાવિત્રી નાટકનાં પાત્રો.

કાન્તિલાલ......................મુંબાઇ નિવાસી ધનાઢ્ય શેઠ.
મોતીલાલ......................કાન્તિલાલનો નિમકહલાલ મુનિમ.
છબિલદાસ......................કાન્તિલાલનો નિમકહરામ મુનિમ.
વાડિલાલ......................કાન્તિલાલનો ભાણેજ વર.
જીજી......................વાડીલાલની સ્ત્રી; કાન્તિલાલની ભાણેજ.
શાન્તિલાલ......................કાન્તિલાલનો ભાણેજ.
ગવરી......................શાન્તિલાલની સ્ત્રી.
શિવલાલ, વિરંચીલાલ }......................શાન્તિલાલના પુત્રો.
વ્રજલાલ, અમૃતલાલ }......................વાડીલાલના પુત્રો.
જડાવ......................મોતીલાલની સ્ત્રી.
સાવિત્રી (વિરંચીની થનાર પત્ની)મોતીલાલની પુત્રી (નાટકની નાયિકા)
નર્મદા......................મોતીલાલની બ્હેન, છબિલની સ્ત્રી
ઉત્તમલાલ......................છબિલદાસનો પુત્ર.
હેમાશા......................પુના નિવાસી લોભી શેઠ.
છગન, મગન }......................હેમાશાના ભત્રિજા.
ભવાનીશંકર......................મોતીલાલનો આશ્રિત વિશિભટ.
કેશવશર્મા, વિષ્ણુશર્મા }......................વિદ્યાભિલાસી બ્રાહ્મણો.
સાકરલાલ......................મુંબાઇ નિવાસી સદાચારી મિલઑનર શેઠ.
ઉમયા......................સાકરલાલની પુત્રી.
જયા, વેણી }......................ઉમયાની સખીઓ.

જજ, વકીલો, બારીસ્ટરો, પટાવાળા, રસોઇયો, બાટી, સિરસ્તેદાર, ગોવાળ, પ્યારીજાન વગેરે.

શ્રી હરિ

"સંસારી સાવિત્રી" નાટકનો

ટુંક સાર.

પૂર્વ પ્રસંગ—મુંબાઇમાં કાન્તિલાલ નામના વેપારી ગૃહસ્થ રહે છે; તેણે પોતાની બહેન લક્ષ્મીના દીકરા શાન્તિલાલને વારસદાર બનાવ્યો, જેથી તેની બીજી બહેન, સરસ્વતીની દીકરી જીજીને ઇર્ષા આવી, અને કાન્તિલાલના મુનીમ, છબીલદાસને લાંચ આપી, કાંન્તિલાલના મગજમાં, શાન્તિલાલના દુરગૂણો ઠસાવવા પેરવી કરી. નિમકહરામ છબિલદાસે તેમ કરવા હામ ભીડી, કાન્તિલાલને ભંભેર્યા, અને શાન્તિલાલને રજા અપાવી. તે વખ્તે બીજા નિમકહલાલ મુનીમ મોતીલાલે શેઠને સમજાવ્યા; પણ ભાવી બળવાન જેથી શેઠને વાત ગળે ઉતરી નહીં; એ પ્રસંગને વીશ વર્ષ થયાં છે, કાન્તિલાલની મીલકતનો હક કોઇને સોંપ્યો નથી, અને કાન્તિલાલ માંદા છે અહીંથી નાટકની શરૂઆત થાય છે,

નાંદિ—સર્વ પાત્રો આરંભેલું કાર્ય નિરવીઘ્ન સમાપ્ત થવા ઇશ્વર સ્તુતી કરે છે.

અંક ૧ લો.

પ. ૧ માં—કાન્તિલાલ પાસે મોતીલાલે, શાન્તિલાલના પક્ષમાં નિમકહલાલી બતાવવી; અને છબિલે નિમકહરામી કરી કાન્તિ

લાલને ઝેર દઇ; જીજી તથા તેના પતિ વાડીલાલને મીલકત સોંપવી; અને શાન્તિલાલનુ નામ ઝખતાં શેઠ કાન્તિલાલનુ મરણ થવું.

પ્ર. ૨ માં—અમદાવાદમાં શાન્તિલાલના દીકરા, વીરંચીલાલ, તથા શીવલાલની નીતિયુક્ત વાતચિત શાન્તિલાલનો મદવાડ અને તેની સ્ત્રી ગવરીના આગૃહથી હવા ફેર માટે મુબાઇ જવાની તૈયારી.

પ્ર. ૩ માં—પુનામાં રહેનાર હેમાશાયે વૃધ્ધ વયમાં સ્ત્રી પરણવાના વિચાર કરવા ત્યાં તેના ભત્રીજા છગને તથા મગને તેને શીખામણ આપવી.

પ્ર. ૪ માં—મોતીલાલની પૂત્રી સાવિત્રીનું ડાહપણ, તેની અપરમા જડાવની ઝેર ભરી દ્રષ્ટી, અને સાવિત્રીનો સંબધ કરતાં પૈસા લેવા, ન લેવા વિશે દંપતિની તકરાર.

પ્ર. ૫ માં—વાડીલાલના પૂત્ર વ્રજલાલ તથા અમૃતલાલની અનિતીમય વાતચીત. વાડીલાલની તેના પ્રત્યે ખતરાજી તથા જીજીનો પ્યાર અને હરામના પૈસાનો ગેરઉપયોગ.

પ્ર ૬ માં—શાન્તિલાલે, મુંબાઇમાં આવી ધંધાની તજવીજ કરવી મોતીલાલનું ત્યાં આવવુ. અને શાન્તિલાલનાં કુટુંબની વાણીથી કુલીનતા જાણી સાવિત્રીનું વિરંચી સાથે સગપણ કરવુ. તથા તે પ્રસંગમાં બે બ્રાહ્મણોને અભણ જાણવાથી ખરચી આપી, કાશીયે ભણવા મોકલવા વિગેરે.

પ્ર. ૭ માં—છબિલદાસે, તેજ બ્રાહ્મણોને કોઇ વૃદ્ધ વર, મોકલવા કહેવું. મોતીલાલની આપેલી, સોનાની માળા ગુમ કરી પીતળની માળાથી પોતાની બૈરી નર્મદાને ભેળવી તેના ભાઇ મોતીલાલ સાથે વિક્ષેપ પાડવો વિગેરે.

પ્ર. ૮ મા—જીજીનુ ઉડાઉપણુ વાડીલાલનો અણગમો વ્રજલાલને

ક્યાંઇ નોકર રખાવવા વિચાર. જડાવ તથા વ્રજલાલનો આડો વ્યહવાર. શાન્તિલાલને મારવા વાડીલાલ તથા છબિલના વિચાર, અને ગવરીનો તિરસ્કાર;

પ્ર. ૯ માં—મોતીલાલે ચતુરાઇથી સાવિત્રી પ્રત્યે જડાવ તથા જીજી ની ક્રુરતા જોવી; શાન્તિલાલને દવા આપી આવેલા ડાકટર નદલાલે મોતીલાલને પણ લઈ જવા વિચાર કરવો. ત્યાં મોતીલાલે શુદ્ધિમાં આવી જડાવને ધિઃકારવી જીજી તથા ડાકટરનું નાસવું, અને વિરંચીના આવવાથી મોતીલાલે શાન્તિલાલની સારવાર માટે જવું.

પ્ર ૧૦ મો—હેમાશાને ત્યાં બ્રાહ્મણોનું આવવું, તેને છબિલના કહેવા મુજબ મુંબાઇ જવા કહેવું અને લાડુની તકરારમાં “ત્રણ તારા ને બે મારા” એ ન્યાયે ભુત થઇ કુટાવું.

પ્ર. ૧૧ માં—અપૂત્ર શેઠ સાકરલાલની પૂત્રી ઉમીયાનો ભાઈ માટે અફસોસ. વાડીલાલે સાકરલાલને ત્યાં વ્રજલાલને નોકર રાખવો; તથા મોતીલાલે શાકરલાલ શેઠને ત્યાં શીવલાલને નોકર રાખી દવા પીતાં બેભાન થઈનાશી ગયેલા શાન્તિલાલની શોધમાં જવું.

અંક ૨ જો.

પ્ર. ૧ માં—શાન્તિલાલની પાછળ ગવરીનો અફસોસ ! તેના બને પૂત્રાએ ખિરજ દેવી, અને છબિલના દિકરા ઉત્તમે સાવિત્રીનો કાગળ વિરંચીને પહોંચાડવો.

પ્ર. ૨ માં—શેઠ સાકરલાલે શીવલાલ તથા વ્રજલાલની પરિક્ષા કરી, વ્રજલાલપર ગુસ્સે થવું, અને શીવલાલના માન, પગારમાં, વૃદ્ધિ કરવી.

પ્ર. ૩ માં—મોતીલાલના આશ્રિત ભવાનીભટની વિશીમાં, હેમાશા

તું આવવું, ત્યાંથી છબિલદાસ સાથે સાત હજાર રૂપીયા ઠરાવી, પરણવા જવું, અને વીશીભટે તેમાં માહેતગાર થઈ, સાવિત્રીને બચાવવાના ઉપાય લેવા.

પ્ર. ૪ માં—મોતીલાલની બ્હેન; નર્મદાને ત્યાં વિરંચી તથા સાવિત્રીની પ્યારભર ભેટ. ભવાનીભટે આવી નર્મદાને મજકુર ખબર આપવી. અને સાવિત્રીને બચાવવા ઉત્તમલાલને સ્ત્રીનાં કપડાં પેહેરાવી સાથે લઇ જડાવને ત્યાં જવું.

પ્ર. ૫ માં—છબિલે તથા જડાવે મળી હેમાશા પાસેથી સાત હજાર રૂપીઆ લેવા. ત્યાં નર્મદાએ તથા ભટે આવવું. અને સાવિત્રીને બદલે, ઉત્તમલાલને હેમાશા સાથે, પરણાવી દેવો વિગેરે.

પ્ર. ૬ માં—સાવિત્રીએ જડાવ તથા છબીલના જુલમથી કંટાળી ભાગી નીકળવું! ત્યાં રસ્તામાં વિરંચીની પ્રેમી ભેટ.

પ્ર. ૭ માં—મોતીલાલે જોગીના રૂપમાં વાસુકી દેવના આશ્રમમાં રહી દિવાના શાન્તિલાલની દવા કરવી, આશ્રમની ગાયો દોવા ગોવાળે આવવું. તથા અનાયાસે સાવિત્રીએ ત્યાં આવી રહેવું.

પ્ર. ૮ માં—હેમાશાને ત્યાં ઉત્તમલાલે પ્રપંચથી ધુણી, માતાના ચમત્કારે સ્ત્રીમાંથી પુરૂષ થવું. ત્યાં શહેરનાં માણસોએ આવી હેમાશાની ફજેતી કરવી.

પ્ર. ૯ માં—વ્રજલાલનું પ્યારી જાનને ત્યાં આવવું. ત્યાં તેનુ અનીતી ભરેલું આચરણ જોઈ જડાવે ક્રોધ કરવો.

પ્ર. ૧૦ માં—શેઠ સાકરલાલે, વ્રજલાલની ચોરી પકડી, તેને રજા આપવી, તથા શીવલાલને મીલનો અરધ ભાગીદાર બનાવવો.

પ્ર. ૧૧ માં—ઉમીઆએ સખીઓ સાથે ગરબો ગાવો. વ્રજલાલે આવી ઉમીયાપર હુમલો કરવો. તેને ઉમીયાની સખીઓએ

ધિક્કારી કાઢવો. અને શીવલાલ સાથે ઉમીયાએ સ્નેહયુક્ત વાતચીત કરવી વિગેરે.

અંક ૩ જો.

પ્ર. ૧ માં—ઉત્તમલાલે, હેમશાના ઘરમાંથી હાથ ફેરો કરી ચાલી નીકળવું. હેમાશાએ સ્ત્રી તથા પૈસાના વિયોગથી બેભાન થવું અને તેના ભત્રીજા છગન તથા મગનના પ્રપંચથી મુંબાઇ તરફ ચાલી નીકળવું.

પ્ર ૨ માં—વિરંચી પાસ થયો તથા શીવલાલ મીલનો ભાગીદાર થયો જેથી ગવરીયે ખુશી થવું. વૃજલાલે બંગલાના ભાડા માટે આવવું. શીવલાલે સાકરલાલના સોગન તોડી ભાડું આપવું. અને ઉત્તમલાલ પાસેથી સાવિત્રીના સમાચાર સાંભળી વિરંચી લાલે તેની સાથે જવું.

પ્ર. ૩ માં—વાડીલાલે તેના બંને દુરાચરણી પૂત્રોપર ગુસ્સે થવું. બાદ જીજી સાથે કોટમાં જવું. પાછળથી વૃજલાલે તથા અમૃતલાલે લડાઇ કરવી. રસોઇયા શંકરલાલે છૂટા કરવા અને અંત જડાવના ગુસ્સા તળે બને ભાઇએ ફરવા જવું.

પ્ર. ૪ માં—જડાવે વૃજલાલ બદલ અમૃતલાલનું ખુન કરી નાશી જવું. ત્યાં રેલમાં નીકળેલા પોલીસ રૂબરૂ અમૃતલાલે પૂર્વ લડાઇને લીધે શંકીત થઇ વૃજલાલનું નામ લેવું. પોલીસ અમલદારે અમૃતલાલને ગ્યાટપર મોકલી વૃજલાલની તપાસ માટે જવું.

પ્ર. ૫ માં—જડાવે પોતાને ઘેર વૃજલાલને જોઇ ચમકવું. તેના પર ગૂન્હો સાબીત થવાના વિશેષ પુરાવા માટે પોતાનાં ઘરનાં તાળાંની ચાવી ગુમ કરી. તાળું તોડાવતાં વૃજલાલનો હાથ કાપવો, અને પોતે ભાગી નીકળવું.

પ્ર. ૬ માં—વાડીલાલે પોતાના પૂત્રોની તપાસ ચલાવવી. પોલીસ અમલદારે છૂપાઇને સાંભળવું. લડાઈ બાબત શંકરની શાક્ષી પડવી. વ્રજલાલે આરોપી તરીકે પકડાવું, અને જીજીએ અફ-સોસ કરવો.

પ્ર. ૭ માં—સાકરલાલે ગવરી તથા શીવલાલનો સત્કાર કરવો. શીવલાલને સર્વે મીલકત બક્ષીસ કરવી, અને ઉમીયાને પરણવા વચન લેવું, બાદ ગવરી તથા ઉમીયાની હર્ષમય વાર્તાચિત.

પ્ર. ૮ માં—વાસુકીદેવના આશ્રમમાં શાન્તિલાલને આરામ થવો બંને બ્રાહ્મણોનું વીદ્વાન થઇ આવવું. વિરંચી તથા સાવીત્રી નો મેલાપ, જડાવનું સર્પ ડંસથી મરણ અને મરતી વખતે પોતાનાં પાપ પ્રગટ કરવાં. તે સાંભળી મોતીલાલ આદિ સર્વે મંડળે વ્રજલાલને બચાવવા જવું.

પ્ર. ૯ માં—વાડીલાલે પૈસા તથા પૂત્રો માટે પસ્તાવો કરવો, લેણીઆતે ઉઘરાણી કરવી. છબીલદાસે તેઓને સમજાવવા. અને જીજીબાઇએ આનાકાની સાથે, “ શીવલાલ ” ને ત્યાં આશરો લેવા માટે જવું.

પ્ર. ૧૦ માં—ગવરીને સર્વે સ્નેહીની ભેટ થવી; વિરંચી સાથે સાવિત્રીનો તથા શીવલાલ સાથે ઉમીયાનો હસ્ત મેળાપ. સા-કરલાલની કદરદાનીની તથા શાન્તિલાલના કુટુંબની નિતીની વડાઈ. જીજી તથા વાડીલાલને શીવલાલે આશ્રય આપવો, અને છબિલદાસને સર્વે મંડળે ધિઃકારી કાઢવો.

પ્ર. ૧૧ માં—હાઇકોર્ટના જડજે નિયમસર કામ ચલાવી વિરંચી ની વકીલાતથી તથા મોતીલાલની શાક્ષીથી વ્રજલાલને છુટો કરવો સાકરલાલની દયાળુ વૃતિને ધન્યવાદ આપવો. અને અંતે નિતિનો જય છે, એ વિષેનું ગાયન.

શાન્તિ ! શાન્તિ ! ! શાન્તિ. ! ! !

સંસારી સાવિત્રી નાટકનાં

ગાયનો.

અંક ૧ લો.

સર્વ પાત્રો— (૧)

તારણ તરણ નમીયે વાણી માતા,
વિણાધર, હર, કુમતિ સુમતિ કર;
તું જગ કારીણી બુદ્ધિ સુધારણી,
અકળ ગતી રિદ્ધિ સિદ્ધિ દાતા—તારણ.
જે પર કરૂણા કર મહીપર વરનર તેહ ઠરે,
દુઃખિ જગત જન, બની ભગત તન;
કરે સ્તવન મન, દહે વિપત્ત વન,
વાણી વિમળ ઘન દઈ.
દે અતિ રતી રૂડી, વૃત્તિ થાય કૃતિ,
મહા મતિ સંગે સુખો શાન્તા—તારણ.

કાન્તીલાલ— (૨)

લિન રહે મૃગલું, સુરમાં યથા,
લિન રહ્યો જીવડો, ધનમાં તથા;
નવ સુણી શ્રવણે, શીવની કથા,
ગઇ ગઇ જીંદગી સઘળી વૃથા.

મોતીલાલ— (૩)

ગમાર એ વિચાર તું શાને કુડી કરે છું કૃતિ

છબીલ—કુડી કે રૂડી આ મળે છે મુડી વાહ;

મોતીલાલ—તેમાં ધૂળ પડી નિમકહરામ તુજ થાશે બદનામ,

કહુંછું ખરૂં ફરી ફરી કહું છું ખરૂં. ગમાર.

વાડીલાલ—
જીજી— } લવારી જવા દે તારી, આંતે કાં લહે ખુવારી.

મોતીલાલ—ધમકીથી નકી દિલમાંહી નડરૂં, અનિતી ન આચરૂં.

પીડા પામીને મરૂં, મારૂં ધાર્યું હું કરૂં.

જીજી—
છબાલ— } વિત્તેથી પ્રિત્તેથી ચિત્તેથી સરવ સગાં ચહાય

મોતીલાલ—આવે એજ માર્ગે, વિત્ત એજ જાય છે. ગમાર.

વિરંચીલાલ— (૪)

સત્ય બોલ શ્રેષ્ટ માન, સત્ય બોલ પ્રાણદાન;

જગમાં જાહેર સત્યે થાવા ધર ધ્યાન સત્ય.

સત્ય આશા વજ્ર તાર, અંગની શોભા અપાર

સત્યે માથું કાપી આપી ક્ષિતિ છાપી

રહેવા ચીર અવનિમાં, સત્યામૃત પાન.

શાન્તિલાલ— (૫)

રહે ધિર ધારી પ્યારી વ્હાલી વિપત્તિ વિસારી.

ગવરી—ઠરે ચિત્ત ચિંતા સ્વારી—હાય.

શાન્તિલાલ— ... ...રહે.

આયુઅંત અવતાર છે જશ અપજશ પણ સાથ

સંપત વિપત ધુપ છાંયડી, એ સરવે વિધિ હાથ

ગવરી—મતિ માનતી ન મારી.

શાન્તિલાલ— ... ... વ્હાલી

ગવરી—મનુષ્યાદેહી મ્હેલ આ મનહર આવ્યો હાથ;
બગડે તો સમરાવવા ફરજ આપણી નાથ.

શાન્તિલાલ—ત્યારે કરશું તૈયારી ... ... વ્હાલી

હેમાશા— (૬)

ફરૂં હું માંડવામાં મંગલ ફેરચાર

છગન—
મગન— } (એ ગસાણુમાં કે)

હેમાશા—વરૂં હું છેલ છબિલિ નાજુક નવલી નાર

છગન—
મગન— } (એ ચીતા બાઇ કે)

હેમાશા—ઘોડી પહેરી બનું શોખિલો સ્વાર

છગન—
મગન— } નનામી પાલખીને ઉપાડે ચાર

હેમાશા—ગીત ગવાશે

છગન—
મગન— } પોક મુકાશે

હેમાશા—પાછળ થાશે ... વાહ, વાહ; વ હ.

છગન—
મગન— } પાછળ થાશે ... હાય, હાય, હાય.

હેમાશા— ... ...ફરૂં હું.

સાવિત્રી— (૭)

ધારણામાં ધુળ ધારે, વામી વાંકુ વિચારે
સુખી થું હું તો મારે, (૨) વારે, વારે, આ વિચારે—ધા.
દુરિજન દુષણ દેખે, મારૂં મન ભુષણ પેખે;
ખારૂં જળ લુણને લેખે, વારે, વારે, આ વિચારે—ધા.
કળાવો કુથળ કળે, ગુણ અવગુણમાં મળે;
પુંડરીક પંક તળે, વારે, વારે, આ વિચારે—ધા.
અસારે સાર વસે, જોવા જો મનડું ધસે;
આંજણે આંખ લસે, વારે, વારે, આ વિચારે—ધા.

મોતીલાલ— (૮)

લવરી કર માં કર માં તું લવરી કર માં.
જડાવ—સૌ સુખ જરમાં, જરમાં છે સૌ સુખ જરમાં.
મોતીલાલ—આપી અવળો બોધ, ક્રોધ તું મુજ અંતરમાં ભરમાં.
ખાંતે ખ્વારી વ્હોરી નારી, તું વિણ મોતે મરમાં.
જડાવ—ઘરનાં છોકરાં ઘંટી ચાટે, આટો દે પર ઘરમાં;
ઝગઝગ પ્રગટે ઝાળ કાળ આવે એથી અંતરમાં.
મોતીલાલ—પુત્રી વેચી પૈસા લેનારા નર ખપતા ખરમાં;
એવી કરણી કરતાં લાગે આગ ભરેલા સરમાં.
જડાવ—જે નર પાસે જર નહીં તે નર ખર સમ આ અવસરમાં;
સરમાં શાની આગ લાગશે, લાગી જર વિણ ઘરમાં.

બ્રુજલાલ— }
અમૃતલાલ— } (૯)

અવસર આ આવ્યો અમારે,
અમીરીનો આનંદ ઉભરાણો;

વ્રજલાલ—કહે છે સાજન માજન વળી સૌ
સગાં સંબંધી શાણો

અમૃતલાલ—સહુ નિશાળીયામાં રાણો, સંગ છેલગટાઉ કેવાણો
જે કરે ખુશામત મારી, તેને કહું મોજ માણો. અ.

વ્રજલાલ—આપું છું જર હાજર હુકમે, રહેતો નહીંતો પાણો.

અમૃતલાલ—હું લહું લાખેણી લાણો, હવે રહી શી હાણો.

વ્રજલાલ—વળી રાંડો રાખું નાચ નચાવું જગત ભલે જાણો. અ.

જીજી— (૧૦)

દીવાળી દ્રષ્ટે દેખું રે, દિન દિન દોઢી.
લક્ષાધિપતિ કહેવા લાગે, લળી લળી સહુ લોક,
પ્રણમે સો સો વાર નમીને જરા નમાવું ડોક,
સુંદર સાડીરે અમુલ્ય ઓઢી... ... ...દીવાળી
ડાહ્યા છે બે જાયા ફૂલાય દેખી કાયા,
મસ્તાની થઇને માણું રે પલંગે પોઢી. દીવાળી.

છબિલ— (૧૧)

તજીદે લવારી કહ્યું માન,
ભાઈ હત્યારો, ઠગારો, તારો પ્યારો— કહ્યું

નર્મદા—વાદળ છાયે સુર્ય છુપાયે, કંચન પીતળ નાં પરખાયે
વાયુથી તાપેથી પ્રગટ થાયે,

છબિલ—સાચુ કહું, ધર ધ્યાન, બેમાન નાદાન હેવાન—કહ્યું
સિંહના વાળ શીયાળ ધાલે. અમીર થઇને ફકીર ચાલે.

નર્મદા—ફકિર કહો છો કોને, વિચારી વદજે વાણી

છબિલ—ચૂપ કર ... ...

નર્મદા—નથી ડર ... ...

છબિલ—શી ધારી ખુમારી, ખુવારી થનારી,

નર્મદા—વિણ વાંકે હણો માં, પ્રભુ પાપી ગણોમાં

છીબલ—સમજી પરણી કરણી..................કર્યું માન

મોતીલાલ— (૧૨)

કુડું કાજ કરીયું મનવા, ભુલી ભામનીમાં
ભુલી ભામનીમાં મનવા ભુલી ભામનીમાં—કુડું
અવિચળ ધાર્યો અગની, દેખી દામનીમાં. (મનવા)
ચાલ્યું તેજ સુરજ કેરૂં જામી જામનીમાં—કુડું
વિદેહી થવા વિચાર્યું કથા કામનીમાં. (મનવા)
દોડયો પાપ પંથે જાવા સતારામનીમાં—કુડું

જડાવ— (૧૩)

છુટી પડી સાહેલીના સાથથીરે હાં હાં
આવી ઉતાવળી આગાર વૃજ વાટમાં
સ્નેહે ભીંજાણી મારી કાંચળીરે હાં હાં
વેણી વળગી ઝાડ ઝાંખરેરે હાં હાં, ફાટયો સાળુ લાગી વાર—વૃજ
દાડમનાં બીજ જાણી તોડીયોરે હાં હાં. સુડલે મોતી તણો હાર—વૃજ
છાતીમાં ઘાવ પડયા ચાંચનારે હાં હાં, ઘટે નહીં સ્વાસ ઉર અપાર-વૃજ

વૃજલાલ— (૧૪)

થાય, થાયરે, થાય થાયે પૈસાથી ધાર્યું કામ
ગાય, ગાયરે, ગાય ગાયે, ગુણ ગુણી ઠામો ઠામ

નેપથ્યમાં—વાવરો વિચારથી તો વિત્ત તારનાર
ભુલશો ભ્રમાઇને તો એ ડુબાવનાર

વૃજલાલ—પૈસાની જ્યારે વેળ વળે, દોખી દાઝે બળે
ખમાં પળે પળે, કહેવા લોક મળે
ગળ ગળે ગળે આવી પાય ઢળે છે દોઢ દેવ દામ
જાય જાયરે જાય જાયે, જગ માંહે જામી નામ
પાય પાયરે પાય પાયે પ્રિતેથી પ્રેમદા જામ

નેપથ્યમાં—હક્ક થાય હક્કનું હરામનું હરામ, પાણીનાજ પાણી
દુધનાજ દુધ દામ

વૃજલાલ— (૧૫)
અણીઆળી આંખોવાળી વાહ? વાહ? વાહ?
હસી હસી આપો તાળી ... ...

જડાવ—હા? હા? હા? નેણાં નેહે ભર્યાં ઢાળી પુરી પ્રિતિ રિતિ પાળી
ભવે થાશું ભાગ્યશાળી ...

વૃજલાલ—વાહ? વાહ? વાહ?

જડાવ—વારી વારી પ્યારા તારી મીઠીમીઠી વાણી સારી

વૃજલાલ—પ્યારી મારી વેણી તારી નીરખી નાગણી હારી
કોકિલા શો કંઠ તારો દાંત કીર કેરો ચારો

જડાવ— જેવી તેવી તોય તારી

વૃજલાલ—હા. હા. હા.

જડાવ— છબિ તારી ઉરે ધારી

વૃજલાલ—વાહ? વાહ? વાહ?

હેમાશા, છગન, મગન— (૧૬)
ભરખે ભુવનમાં ભરાયેલાં ભુતડાં
દોડીને દંડ દીયે દૈત્યોનાં દુતડાં ભરખે.

બ્રાહ્મણો—ખાશું તો જાશું છે કાવા દાવા,

હે-મ-છ—દેશું લાકડીયે જો રેશો ખાવા,
બ્રાહ્મણો—મારનાર થાય ખ્વાર સરકાર ન્યાયદાર
હે-મ-છ—વરખાર કાઢનાર છો ગમાર કોણ જાર
બ્રાહ્મણો—નહીં ભુતો નહીં પ્રેતો છૈયે બિચારા બ્રાહ્મણો.
હે-મ-છ—કાં ન જાગ્યા બહુ જગાડયા
બ્રાહ્મણો—લડુ તણે લોભે (૨)
હે-મ-છ—અરે જાઓ જાઓ અરે દુર થાઓ એક શીખ ધારજો.
લોભને વિસારજો... ... ...ભરજે.

ઉમીયા— (૧૭)

બાંધવ વિનાના બેહેનના બહુ દોહ્યલા દહાડા જાયરે. બાંધવ
પસલીને દિન ઉરમાં જવાળા, પૂરણ પ્રગટ થાયરે. બાંધવ
સાસરીયાનાં દુઃખડાં રડી, કોની પાસે ગાયરે
નભાઈ કહીને મેણુલાં મારે, કેમ કહો સહેવાયરે. બાંધવ
મોસાળું મંગળ વેળામાં નાવે, સરવે સુનું જણાયરે,
ઠેસ લાગે તો ખમાં વિરાને, કેમ કહો કહેવાયરે બાંધવ

સાકરલાલ— (૧૮)

આવા ગમાર ગુણુ હીણુ ગતી મતી રતી વિણુ ગૃહસ્થના બાળા
ભુલી ભણતર ગણતર શીખે ઠગ ચોરી ચાળા આવા
કોટ પાટલોન સ્ટોકીંગ બુટમાં ગૃહસ્થાઇ માને
વડા વિવેકી વાત કરે તે ધારે નહીં ધ્યાને
માંસ મદિરા ખાતા પીતા કુળ કલંક કાળા આવા
ગલી ગલીમાં ગાયન ગાવાં એજ ગુણુ ગણુતા
ગરીબ હણુવા ગાળ મારના પુરા પાઠ ભણુતા
હયાળા માત પિતાનાં ઉર કરવા પ્રગટે જવાળા આવા

અંક ૨ જો.

શીવલાલ-વિરંચી— (૧૯)

આશીશ ફળજો આપની મુદ ભરણી માતા
કરીયે શેવા જે અડસઠ તીરથ ગુણીજન સહુ ગાતા—આ.
સુખ પામશું દુઃખ વામશું, જશ જામશું ધન ધામશું—આ.

ગવરી—શાણી વાણી સુણી વહે મુદ મનમાં
રહો ચીરજીવ નિર રોગી તનમાં

શી-વિ—જનની તનની ફરજે વરતી કરશું ભગતી ઠરશું જગતી. આ.

વિરંચીલાલ— (૨૦)

સંભારજો નાં વિસારજો તારજોરે
દુઃખ દરીયાથી વિકળ મદન અનળમાંથી ગણી દાસી પ્યાસી પ્યારા
પ્રેમ તણી ઘણી નેહની નજર નાખી ... ...
દેજો અતી રતી ગતી ક્ષતી પતિ ... સંભારજો નાં વિસાર
તરણી કરણી પરણી પ્યારે પરસ્પર પાળી પ્રેમી પદ પામી
રહું થીર નામી જુગે જશ જામી, રહે એવી ધારી
કૃતિ વૃતિ દેખું મન હરણું મુદ ભરણું સુખડું સદાય. સંભારજો.

શીવલાલ— (૨૧)

હાય ગરીબી તણી જે પીડા અમીર શું જાણે
ઝળઝળ ઝાળ બળે મુજ મનમાં એ નિજ મનમાં કાંઇ નવ આણે
હાય હાય હાય હાય ... ... હાય ગરીબી
જળ સુકાતાં સરિતા કેરૂં જળચર પામે દુઃખ ઘણેરૂં
દરિયાનાં પ્રાણી લે લ્હેરં, જળવિણ દુઃખ શું એહ પ્રમાણે

હાય હાય હાય હાય ... હાય ગરીબી
ભુખ ઉદરમાં શિરપર ભારો, પિડા પામે જે કઠીઆરો
શું જાણે સ્વારી કરનારો, જમે ભાવતું જે નિત ભાણે.
હાય હાય હાય હાય ... હાક ગરીબી

સાકરલાલ— (૨૨)

જાણ્યું પ્રતિ ઉત્તર થકી સઘળું, કરતો વિચાર ઉચ નિચ ક્યારે કળું;
વિષ તે વિષને સુધા સુધા છે જેની જેવી કૃતિ તેની તેવી શ્રધાછે—કરતો
"શીવલાલને" સુધા ગણું હું "વૃજલાલ" વિષને નિત્ય હણું હું—કરતો

ભટજી— (૨૩)

આવા અધમ નર નર રૂપમાં ખર વ્રધ વય માંહે પરણી
એ કરી અવળી અનુસરણીરે ... ...મરતા.
નહીં જગકર તણો મનમહીં જરી ડર, ભારે મારતા ધરણીરે પાપી
મરે પછી મુખ વિત વિત કરતા જાય તજી ધન ધરણી,
એ ક્યાંથી પામે તરણીરે ... ...શ્રાપી.
ઉતમ અવસર નિરખીને વ્રધ વર હાય વોય ઉચરણીરે—થાયે
ફૂટ ફૂટ થાયે લોક થોકમાં કરણી કલીત ભય ભરણી
ઝેર તણી કહી ઝરણી રે... ... ...ગાયે... ...આવા.

સાવિત્રી— (૨૪)

પત્ર પહોંચ્યો તારો પ્યારી રે (૨) દ્રગો ઠારી રે...પત્ર.
એક એક અક્ષર પરે ક્રોડ ગીરા કુરબાન;
આશ વધી ઉરમાં હવે, ક્યારે સુણું કાન......દ્રગો
શરીર શહેરમાં જામીયું "કામદેવ"નું રાજ
હાર પમાડી તેહને તરૂણી પેહેરજે તાજ... ...દ્રગો

(૨૫)

સાવિત્રી—એ નાં છોડી જાશો પ્યારા મારા
વિરંચી—એ નાં ગભરાશો ડાહી દારા
સાવિત્રી—વિતાવું દિન કેમ
વિરંચી—વિતાવ્યા જેમ તેમ
સાવિત્રી—જળ વિણુ જખ જીવે નહીં, અળગું ઘડીયે એક
વિરંચી—મોરારી મેળાવશે, નિરખીને તમ ટેક
સાવિત્રી—એણી સજુ ગુણુ તણી નિશ દિન ભજું પતિ
પલ પણુ તજું નહીં, ન્યારા ન્યારા
સતીના ધારા જાણું છું પ્યારા
વિરંચી—ધારી રહો સર્વ સારા... ... ...
સાવિત્રી— ... ...એ નાં છોડી
વિરંચી—વ્હાલી વિદ્યા મેળવી, પ્રવિણુ થાઊં પાસ
સાવિત્રી—પ્યારા પ્રેમે પુરશે, અવિનાશી તમ આશ
વિરંચી—વાણી ફળે તમ તણી, વિદ્યા વાટે મળે યશ
સંભારૂં હું પળે પળે, દુઃખના આરા દેખશું દારા દિવસ સારા
સાવિત્રી—ભણો ભાવે કામણુગારા... ... ...એ નાં છોડી.

(૨૬)

નર્મદા—
કાર્ય કરવારે છું મરવારે તનમન ધન સાથે તૈયાર
ભટજી—ત્યારે થાઓ તૈયાર હવે શાની છે વાર મારૂં પાપીને હું ગેબી માર.

નર્મદા—ભાઇ મારો પ્રાણુ પ્યારો, આંખ તારો સુતા શું તેની ભુદા સાથે જાય.

શેઠજી—દામથી કામ, કહો તે થાય, એમ ગુણીજનો સહુ ગાય
વેગે ચાલો વખ્ત ટાલો શીદ ગાળો, પુરૂં તો થાશે જો નહીં પોહોંચાય
નર્મદા—ચિલમાં હાથ લાગે તો લાહ્ય, કેમ હંસણી કાગથી વરાય. કાર્ય.

સ્ત્રીઓ— (૨૭)

ફરજો ફરજોરે એની સાસરીયા સાથથીરે
પીયરીયાં વહાલાંને નવ વિસરજોરે... ...ફરજો
જ્યારે પામોરે સાસરીયાનાં ભોજન
ત્યારે પીયરના ટુકડા નવ ભુલશોરે.
ફરજો ફરજોરે એની નેહ નવલા નાથથીરે.
વિનવિ પદ પુજી ભવસાગર તરજોરે... ...ફરજો
જ્યારે પામોરે સાસરીયાનાં સુચીર
ત્યારે પિયરના ચુંથા ના ભુલશોરે ... ...ફરજો

સાવિત્રી— (૨૮)

મને તન મન ધન ગણી તાત, નયન નિત નેહી નજર ભરતા,
હાં હૃદય ચાંપી ઠરતા, તાત, તાત, તાત, પ્યાર કરતા;
મુજ મરેલ માનું દુ:ખ ભુલાવા, કંઈ કંઇ આચરતા,
એ ફિકર મહીં ફરતા... ... ...તાત તાત
હું માગું મુખથી જેહ ધીર તજી ધાઇ લાવી ધરતા
હા સુખ સરિમાં તરતા... ... ...તાત તાત
એ અનહદ તમ ઉપકાર બદલ પિતુ પામો નરવરતા
ઉત્તમ મહીં અનુસરતા... ... ...તાત તાત

સાવિત્રી-વિરંચી— (૨૯)

સ્નેહીને સારૂં બુરૂં શું છે, જેવી ધૂળ ધનરે તેવું છે.
સાવિત્રી—પથ્થર પારસ પ્રમાણુ પેખે; પુન્ય પાપ પરમાણુ

વિરંચી—આપ અવરનું એક ઓળખે હોય હર્ષ કે હાણ...સ્નેહી
સ્વર્ગ, નર્ક સામાન્ય, સમજતા સુખ સંકટ સામાન્ય.
સાવિત્રી—વ્હાલું વેરી નહીં વિશ્વમાં, નહીં અહરનીશ ભાન...સ્નેહી
(ધુળ ધરો કોઈ ફુલ ચડાવો)
વિરંચી— કિર્તિ કહો કોઇ નિંદા ગાઓ.)
સાવિત્રી—(અગર ચોપડી અમૃત લાવો.)
વિરંચી—(મેશ લગાડી વિષ પીવરાવો.) (તોય)... ...સ્નેહી

મોતીલાલ— (૩૦)

વૃત્તિ આતમ અનુભવની સફળ કરણી શાન્ત ભવની
અખંડ રવની અચળ પવની છે હરદમની... ...વૃત્તિ
એ રસરી બ્રહ્મ નિરખી, અહીંજગ મિથ્યા પરખી
તજી આ સંસૃતી હરખી ગણી, ધન ચીજ ધુળ સરખી વૃત્તિ
નિજ રૂપ જગ સંત મત છે, અતિ ઘટ પ્રતિબિંબ વત છે,
કો રંકકો ભગવત છે, બ્રહ્મરૂપી સર્વે સત છે. વૃત્તિ

સાવિત્રી— (૩૧)

નહીં કયાયે મળે ન્યાયે, ચિત ચરર ચરર (૨)
અન્યાય જોઈ ચિરાયે હાય (૪) નહી
સાંભળવા સુધા આપ્યું નિરખવા હળાહળ મરાલ માનસર કહેવાયે
વિધિ ગતી વાંકી અતિ જગતીમાં સ્થળ સ્થળ કાક ઉલુક બક દરસાયે
હાય હાય
વિદુર ભગત જેવા દુઃખી જીંદગી વિતાવે, દુશાશન સરખા સુખી થાયે
સજ્જન સંકટ સહે દુર્જન દ્રવ્ય લહે એ પણ છે અતિ અન્યાયે હાયહાય

ગોવાળ— (૩૨)

એ ઘોધા બાપા ફુંશાડે ડુંગરા ફાડો
વાના જેવો વેગ તમારો હકને પકડી પાડો
જેના ઘરમાં પેહો ઇને, રાતુંની રાતું જગાડો એ... ઘોધા
(એવાંરીયોયાં, આહીં આવો કાં)
અઢાર આલમ પુજે તમને રૂડો પાંસમ દાડો
જેને ફટકાવો ઇ મોઢે મોટી મોટી પાડે રાડો— એ ઘોધા
(એ યાંરીયોયાં આંઇ આવો કાં)

ચ રીજાન— (૩૩)

મેં તો પૂજન ચલી હનુમાનકો—સૈયા
ચલી હનુમાનકા ચલી પ્રિય ધામકો—છુમ
તેલકી પુરી હનુમાનકો ચડાવું, ઘીકી પુરી મેરે યારકો—સૈયાં
આકકે ફુલ હનમાનકો ચડાવું, ચમેલીકે ફુલ મેરે યારકો—સૈયાં

અંબા— (૩૪)

મે'ર કિધિ માતાજીયેં નાખ્યું વિઘ્ન કુડા કામમાં
કામમાં, દામમાં, નામમાં, ગામમાં હામમાં વાહ?—મેર

હેમાશા—નિકળો નહીં તો મારૂં મુંડામાં, પેઠા કાં પારકા ધામમાં

અંબા—... ... ...નાખ્યું
દીવાની દાઝે કોડીયાં કરડે, ધુળ પડી તારા નામમાં—નાખ્યું

હેમાશા—(શું કોઇની મા બ્હેન પરણ્યો છું હું.)

અંબા—(એ શરમા શરમા જરા બોલે છે શું.)
કામમાં; દામમાં; નામમાં, ગામમાં, હામમાં—વાહ!—મેર

સાકરલાલ— (૩૫)

હણું લાત વાત કમજાત ન દર, મનમાં ડરખર નશ્વર જરાક

જૂઠી શાન ભાન અભિમાન ન કર કરી નાક રાખ જગમહીં ન પાડ—હણું
શેતાન તું હેવાન તું દુરથા દુરથા પાપી, નોકર નવ તું બુડીમર બુડીમર
મમ શીવ અનહદ પ્રિય તન મન સમ, આ દામ ધામ નામ આપું
ખાસ લખીને તેને—
મુજ મનહર મુજ તનહર, ધનહર લુણુ હલાલ. લુણુ હલાલ–હણું.

સાકરલાલ— (૩૬)

સાચે છે રાચ્યા જગપતિ અતિ, દુઃખ ટળ્યું, ટળ્યું નિતિથી
પામ્યો તું પ્રિતિ રૂડી મતિ થકી... ... ...દુ;ખ.
તારા આ રાહમાં જે ચાલે તે શાન્તિ પામે ભ્રાંતિ વામે
તુજ સમ આનંદિ આનંદિ હરનિશ અતિ... ...દુઃખ

ઉર્મીલા તથા સખીઓ (૩૭)

આવ્યા આવ્યા અલબેલો ઉમંગમાંરે;
વ્હાલો વાતડી વધા એક વ્યંગમાંરે
સખી સમજી હું શામળાના સાનમાંરે
ગયાં કેલી ગૃહમાં, ગુલતાનમાંરે
પલંગ બિછાવ્યો પ્રભુ મન ભાવ્યો—અગર અતરમય શોભેરે.
તકીઆ ગાલ મશુરીયાં રૂડાં મખમલમાં મન લોભેરે.
પ્યારો પ્યારી પૂરે પ્રેમે પોઢયાં, આછાં ચીરો અંગપરે ઓઢયાં,
ખાતાં પીતાં રાત ગાળીરે. વ્હાલે હસી દીધી હાથ તાળી
શામળેરે મને માર મારથી ઠીક ઠારી... ... ...
કર્યું અધરામ્રત પાન પ્રિતમ પ્યારેરે, મુજ પગ કરમાં ગ્રહી હાથ કટીયે
ધારેરે,
જ્યાં અનુપમ જામ્યો રંગ મળીયાં, રાગીરે, ત્યાં સુણુતાં કોયલ બોલ
ઝબકી જાગીરે.

લાગી આ સ્વપ્ને તનમાં, મનમાં લાવ જો, મોહન મથુરાં માંચરે
ગોકુળમાં હું રહી.
ચીતડું શ્યામને ચટકે લટકે ચાલજો, પડું તમારે પાયરે કંથને
આવો કહી—આવ્યા.

જયા-વેણી— (૩૮)

મારી આલી છે મસલી બગલો તું છે
દેવી દાનવોનું જોડું કયારે સાંભળ્યું છે......મારી
સિંહણ સાથે શિયાળ વરશે, ઉલટ પુલટ મહી થાશે

વ્રજલાલ—આવી વાણી શાને શાણી ફરે અ.ણી થાશે હાણી

જયા-વેણી—કાળી ખાણી તારી વાણી જીભ્હા તાણી;
ખોશે પાણી શઠ તુજ મનમાં હું છે......મારી.

જયા-વેણી— (૨૯)

શીવ સરખા સુંદર વર વરતાં, સખી શું શરમાઇ જાય જાય

ઉમીયા—વરી વરી વ્હાલો વર મુજ મનહર નર શીદ ડાહી થાય થાય

જયા-વેણી—તો છળથી કાં છુપ વો, અનંગ બોલાવશે;

ઉમીયા—હશી ઉર અપાર કરી પૂરણ પ્યાર સજી સકળસ.ર-શીવ
હારી આ તમારી સુણી વાણી ખારી
સખી મારી જાણું ના વિજારી જરી હાય

જયા-વેણી—ઉમર નાનડી ના ખમાય.

ઉમીયા—કેમ કહો સમજી શકાય.

જયા-વેણી—એ સમજતાં સુખ થાય

ઉમીયા—સમજશું મળી પ્રીતમ પ્રેમદાય.

જયા-વેણી— ... ... હસી.

અંક ૩ જો.

હેમાશા— (૪૦)

વાવા દમડા પાછા મળશે.

છગન—
મગન— } હા હા પગડા પૂરા બળશે

હેમાશા—નહીં ફોગટ ફેરો ફળશે, વામા સંગ વેગા વળશેરે. દમડા દાઝ જાશેરે, જુવાની તો જણાશે.

છગન—
મગન— } વાટે કયાંક મોતડાં થશે

હેમાશા—નવું લોહી આવશે નસે, માતાજી મેહેર કરીને વહુ વિત દેજો

છગન
મગન } હાં કાકાજી વૃધ્ધ વર પરણી નિપજ્યું કેજો

હેમાશા—(પરણી આવે, લાડી લાવે, કોપે માતા દુઃખીયા થાતા,
લાડીમાંથી લાડો થાયે, લાડો લક્ષ્મી લુંટી જાયે
લોક કહે છે, ફટ, ફટ, બહુ આપો માતા (વહુ વહુ વહુ)

છગન
મગન } કાકા પરણી પાછા ખાટી

હેમાશા—જાઓ તમારી માના માટી—(વહુ વહુ વહુ)...વા વા.

શીવલાલ— (૪૧)

અવની તળમાં એજ સ્વામી શેવક ગતિ ગણિયે
સ્વામિ "સાકરલાલ", દાસ મુજ રંકિક ભણિયે
ગરલ પ્રાણ હરનાર સદા શિવ કંઠે ધારે
મહી ભાર કરનાર શેપ પણ નહીં નિવારે—અવની

વડવાનળ હર વારિ વારિધિ ઉરપર દોડે
મુજ ઉરમાં વિશ્વાસ મહદ ગ્રહી નવ તરછોડે—અરની.

વીરંચી— (૪૨)

અતિ ઉપકારી કૃતિ બલિહારી, મતિ, ગતિ સારી વાહ પ્રિય વાહ
ઉત્તમ—હસ્તિ મહદ નિજ નયને નિરખે, લઘુ નર અતિવર એવો નિતિ રાહ
વિરંચી—સુરભી પવનની, વનપતિ વનની, દુધ જીવનની કૃતિ ધરનાર
ઉત્તમ—બુદ્ધિ હિણો, મને ગણો મિત્ર મોટપનો આવો ભારો, માથે ધારો, ભારે મારો કાં
વિરંચી— ... ...અતિ

અમૃતલાલ— (૪૩)

મારૂં મારૂં મુકિક મુઢ માર
આવે ખાર, હવે પ્યાર, ન લગાર, નિરધાર—મારૂં.
વૃજલાલ—મેરૂ પાસે તરણું બ્હેકે મેરૂ ભય શું પામે પામે
શિયાળીયાંની રાડે સાવજ નહીં નહીં ભયમાં જામે જામે
અમૃતલાલ—જાર થાશે ખ્વાર, ભુમિભાર કુલંગાર (જા જા)
શંકર—છોડો છોડો બંધુ પ્રિતિ શાને માટે તોડો તોડો
વૃજલાલ—મારૂં જોડો કે હથોડો ભુલાવું હું એની ખોડો
અમૃતલાલ—... ... ...(જા જા)—મારૂં.

જડાવ— (૪૪)

વારી પ્યારા તું પરે પ્રિતિની રિતિ આ પુરી, બતાવી ખરી ડર્યો નાં ડરે-વારી
જળ સ્થળમાં, મહીતળમાં, પળપળમાં, પ્રેમને પ્રસાર્યો ખરે-વારી

લાખણુસી તુંને સોનલહું.

વ્રજલાલ—મારીને કટારી સાથ બળું, પ્યારી મારી પેલે ભવે
તોય તુજનેજ મળું. (હા)

એવાં જે પ્રેમિ તે સ્હેજેથી તરે ... ...

જડાવ— ... ...વારી.

ઉમીયા — (૪૫)

વિખવાણી કહું તાણી સ્હેશો, સ્હેશો કહેશો, વહુ શાણી (૨)
તો સુખ સરિતા માંહે વેહેશો, કેહેશો જ્યાં પાણી ત્યાં આપું દૂધ
આણી—વિખ

ગવરી—"સીતા" સરખીથી વધુ વડે "કૌશલ્યા" કેવાઊં
કદી નહીં દિવટ ટાળવા, છણકાથી ખુશી થાઊં.

ઉમીયા—હસવાની એ વાત ઉચ્ચારી, વિસારી, વરવાણી, કહું ના
કડુ કાણી.

ગવરી—વાહ ! શાણી મતિ જાણી તમારી વિચારી મેં ધારી ગૂ-
ણો ખાણી

ઉમીયા— ... ...વિખવાણી.

મોતીલાલ— (૪૬)

જાત જાયાની જયકારીરે, ખરી ખાંતે સહે છે દુ:ખ ભારી
મારી સાચી વાણી વિચારીરે, આવિ વનમાંહે વિપત્તિ ધારી
સરાણે હીરો વા સંગ્રામે ધીરો, શોભે છે જીવન વારી
એવી આ તનયા ચડી કસોટીયે હિમત હૈયેથી નવ હારીરે—ખરી
સિંધુ સંસારે શી વહે છે પ્યારે હોડીને હામથી તારી
જોગી તો તારતા માયાથી દૂર થઇ, નિકટ રહી છે મનમારીરે—ખરી.

સાવિત્રી— (૪૭)

આવો પ્રિતમ પ્રાણ, ઘોને દર્શન ધસીને
નહિં તો થાશે હાણ, ખોશો પ્રેમની પ્યાસીને

વિરંચી— (૪૮)

ઉગ્યો અનુપમ ભાણ, રેણી વિયોગી ટળતા
નહીં દે સરોજ જાણ હીમ રૂપ કામે બાળતા.

વિરંચી }
સાવિત્રી } (૪૯)

પ્યારથી પ્યારો પ્યારી, ભેટયાં ઉદય પામ્યો સુરજ સોનાનો
સાવિત્રી—ચકોરી પુરી પ્રેમે ઇન્દુને નિહાળી
વિરંચી—પારસમણી પામી પ્યારી લોહાકૃતિ ટાળી
સાવિત્રી—યૌવન બગીચાના માળી
વિરંચી—થયો ભાગ્યશાળી
સાવિત્રી—હસિ આપો તાળી
વિરંચી—ગઈ આશ વાળીજો માનો ... ...જ્યારથી
સાવિત્રી—હિરા કણી હાટક સંગે હવે જડાણી
વિરંચી—પ્રિતિ પય પાણીની પેરે પ્રમાણી
સાવિત્રી—લાખેણી લેશુંજી લાણી
વિરંચી—વારે! મીઠી વાણી
સાવિત્રી—મળ્યાં મીન પાણી
વિરંચી—હતો હું ઘેલો શાણી વિનાનો ... ... પ્યારથી

જડાવ— (૫૦)

ન ક્યાંયે વિરામી, જતું જ્યાં નડે ત્યાં કૃતિ સુજ કામી

ભરી પાપ ભારો ફરૂં રાન માંહે, જરી ધિર નાવે હવે ધ્યાનમાંહે
જુવાનીને જોરે કુડે કામ જામી ... ... ન કયાંયે
પતિ પુત્રિ પાડયાં પુરાં પાપણી હું, સદાયે ડસી છું બની સાપણી હું
હવે હાય હારી હઠિલી હરામી ... ... ન કયાંયે

જીજી— (૫૧)

અરજી મારી ઉરમાં ધારો, આધાર અમને એક તમારો
વેર વિસારી વ્હાલ વધારો, દુઃખ નિવારો હાં. હાં. હાં.—અરજી
બેડી અમારી બુડવા લાગી, સંસાર સાગરમાંહી અભાગી
પ્રજત કુવા સ્થંભ ગયો ભાંગી તમેજ તારો હાં. હાં. હાં—અરજી

શીવલાલ-ઉમીયા— (૫૨)

ઉમીયા—હુંતો ચરણ કમળ કેરી દાસી છઉં
શીવ—તરૂં સુંદર વદન સુખરાશી કહું
વામા વિકળ મદનથી વિલાસી છઉંરે
ઉમીયા—પતિ પૂરણ પીયુષ કેરી પ્યાસી છઉં
શીવ—તારી વિકટ ભ્રગુટી ખુબ ખાસી કહું
પ્રિયા અંતર સદન મહીં વાસી છઉંરે
ઉમીયા— ... ... હુંતો

શીવ— સાખી.

તુજ મુજ રસ્તો જોઇને, જે ચાલે નરનાર
રહેજે શાણી ઉતરે, તે ભવસાગર પાર
ઉમીયા—વાવારે આઠમ કેરા ઇન્દુ જેવું ભાલ.
શીવ—મોલો મોલો માનુની તારે મન હરણે ગાલ
ઉમીયા—પ્રિતીની રિતિમાં ઘેલી કીધી લાજ—હુંતો

અધા—   (૫૩)

ધાઓ પ્રિતે નિતિ રિતિ મગમાંહ્ય પામો પ્રુરિ પ્રિતિ જગમાંહ્ય
નિતિ સુધાની પ્યાલી પીઓ પાઓ નિતિ નાવે સંસારાબ્ધિ રહેજે,
તરી જાઓ.

નિતિ ભાનુ તાપે દુઃખ રજની જશે, થશે સુખ પુંડરીક પ્રફુલીત
પરમ પુજ્ય પદવી પમાડે મીઠા મેવા આપે એવા સ્નેહે સેવા
લ્યો લાખેણો લાવ ... ... ધાઓ

સમાપ્ત.